સરકારી/પંચાયતના કર્મચારીઓ વગેરેને
તબીબી ભથ્થું મંજૂર કરવા બાબત.

# ગુજરાત સરકાર

નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક.પગર/૨૦૧૨/૩૪૫/ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૩જી, ઓકટોબર ૨૦૧૨

વંચાણમાં લીધા :- (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્ર.એમએજી/૧૦૮૧/૨૦૯૭/(૮૨)ઘ, તા.૩૧/૩/૧૯૮૨.
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રઃવલભ/૧૭૯૦/૧૨૫૭/જ, તા.૨૫/૭/૧૯૯૦
(૩) નાણા વિભાગના ઠરાવ ક્રઃપગર/૧૦૯૮/૧/મ, તા.૭/૧/૧૯૮૮
(૪) નાણા વિભાગના ઠરાવ ક્રઃપગર/૧૦૯૮/૧૨/મ, તા.૨૨/૧/૧૯૯૮

## ઠ રા વ

આમુખમાં દર્શાવેલ તા.૨૨/૧/૧૯૯૮ના ઠરાવ અન્વયે રાજય સરકારે રાજયના કર્મચારીઓને તબીબી ભથ્થું પ્રતિમાસ રૂા.૧૦૦/- આપવાનો નિર્ણય લીધેલ હતો. તબીબી ભથ્થાની રકમમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજયના કર્મચારીઓને હાલ મળતાં પ્રતિમાસ રૂા.૧૦૦/-ના તબીબી ભથ્થાની રકમ વધારીને રૂા.૩૦૦/- (રૂપિયા ત્રણસો) પ્રતિમાસ કરવાનું નીચેની શરતોએ ઠરાવવામાં આવે છે.

(૧) આ હુકમ રાજય સરકાર/પંચાયતના કર્મચારીઓને અને પેન્શનરો તથા પ્રાથમિક તથા માધ્યમિક શાળાના શિક્ષકોને તેમજ કામ ખર્ચિત કર્મચારીઓ (જેમણે સળંગ એક વર્ષ નોકરી પુરી કરી હોય) તેઓને લાગુ પડશે.
(૨) આ હુકમનો અમલ તા.૧/૧૦/૨૦૧૨થી કરવાનો રહેશે.
(૩) નાણા વિભાગના તા.૨૨/૧/૧૯૯૮ના ઠરાવની શરતો યથાવત રહેશે.
(૪) હિસાબી પધ્ધતિ તેમજ વિકલ્પ આપવા અંગેની બીજી શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.ડી.સેઈલર )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(..૨..

- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડા/ કચેરીના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઇ.) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર / વડોદરા
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.
સર્વે માન્ય મંડળો.
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
સિલેકટ ફાઇલ, ચ-શાખા.

- - - - - - - - - -

- પત્ર દ્વારા.